મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ સર્વિસિસ, દ્વારા તારીખ 10 ડિસેમ્બર 2025 ના રોજ એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં બેંકિંગ રેગ્યુલેશન (કોપરેટિવ સોસાયટીઝ) રૂલ્સ, 1966 માં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારા 15 ડિસેમ્બર 2025 થી અમલમાં આવશે, જેમાં મુખ્યત્વે નીચે પ્રમાણે સુધારા સૂચવવામાં આવ્યા છે.

1. અયોગ્ય ડિરેક્ટરની વ્યાખ્યા ઉમેરવી
2. બોર્ડ અથવા RBI દ્વારા અયોગ્ય ડિરેક્ટરો હટાવવા માટે લોટરીની સ્પષ્ટ પદ્ધતિ નક્કી કરવી
3. રિપોર્ટિંગ તારીખો બદલવી **(Alternate Friday → 15th / Last day of month)**
4. **CRR/SLR** સંબંધિત ફોર્મ્યુલા **RBI** દ્વારા નક્કી કરેલા ટકા પ્રમાણે સુધારવા
5. કેટલાક ફોર્મ અને ફૂટનોટમાં ટેકનિકલ ફેરફારો

ઉપરોક્ત અનુક્રમ નંબર એક અને બેમાં જે સુધારા દર્શાવ્યા છે તેના વિષે અહીં ચર્ચા કરવામાં આવી છે. રિપોર્ટિંગ ફ્રાઇ ડે સીઆરઆર/ એસએલઆર અને અન્ય સુધારા વિશે અહીં ચર્ચા કરી નથી.

આ સુધારા વિશે ચર્ચા કરતાં પહેલાં આપને બેંકિંગ રેગ્યુલેશન એક્ટની સેક્શન **10A(2)(a)** માં શું પ્રોવિઝન છે તે વિષયે ચર્ચા કરીશું

**Section 10A(2)(a) of B. R. Act 1949 (AACS)**

**બેંકની બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાંના કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા 51% ડિરેક્ટરો એવા હોવા જોઈએ,**
**જેઓ પાસે નીચેના ક્ષેત્રોમાંથી કોઇ એક અથવા વધુ ક્ષેત્રોમાં –**

- **વ્યાવસાયિક લાયકાત (Professional Qualification) હોય**
  **અથવા**
- **વ્યવહારુ અનુભવ (Practical Experience) હોય:**

accountancy, (ii) agriculture and rural economy, (iii) banking, (iv) co-operation, (v) economics, (vi) finance, (vii) law, (viii) small-scale industry, (ix) any other matter the special knowledge of, and practical experience in, which would, in the opinion of the Reserve Bank, be useful to the banking company: ખાસ નિયમ

આ પૈકીના ડિરેક્ટરોમાં ઓછામાં ઓછા 2 ડિરેક્ટરો પાસે નીચેના ક્ષેત્રોમાં અનુભવ હોવો જ જોઈએ:

- કૃષિ / ગ્રામ વિકાસ, Agriculture and Rural economy
- કો-ઓપરેશન, Co-operation
- સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રી, Small-scale industry

અર્થ:
બોર્ડના અડધાથી વધુ ડિરેક્ટરો પાસે બેંકિંગ અથવા સંબંધિત ક્ષેત્રોમાં પૂરતું જ્ઞાન અને અનુભવ હોવો જરૂરી છે. કાયદો કહે છે કે દરેક બેંકે 15 /12/2025 થી આ નિયમોનું પાલન કરવું જ પડશે. બોર્ડમાં ઓછામાં ઓછા 51% ડિરેક્ટરો પાસે ખાસ અનુભવ હોવો જોઈએ.

3. કયા લોકો ડિરેક્ટર બની શકતા નથી?

**51% પ્રોફેશનલ ડિરેક્ટર કેટેગરીમાં આવતા લોકો** નીચે મુજબના સ્થળે જોડાયેલા ન હોવા જોઈએ:

- મોટા બિઝનેસમાં માલિક / મેનેજર / કર્મચારી તરીકે જોડાયેલા ન હોવા જોઈએ
- કોઈ મોટા બિઝનેસના માલિક ન હોવા જોઈએ
  (સ્મોલ સ્કેલ યુનિટ હોય તો ચાલે)

4. ડિરેક્ટર વધારેમાં વધારે 10 વર્ષ **સતત** પદ પર રહી શકે

(ચેરમેન અથવા ફુલ-ટાઈમ ડિરેક્ટર પર આ લાગુ નથી.)

5. જો બોર્ડમાં લાયકાતના નિયમો પૂરાં ન થાય

- તો બોર્ડને પોતાનું પુનઃગઠન કરવું પડશે.
- જો ડિરેક્ટર હટાવવા પડે, તો લોટરી (Chit/Draw) દ્વારા નક્કી કરવામાં આવશે કે કોણે જવું.

6. જો બોર્ડ એ નિયમો ના માને તો RBI હસ્તક્ષેપ કરશે

- RBI બેંકને બોર્ડ સુધારવાનો હુકમ આપશે.
- બેંક જો 2 મહિના સુધી ન માને, તો RBI:
  - લોટરી દ્વારા એક અથવા વધુ ડિરેક્ટરોને હટાવશે
  - નવી વ્યક્તિને ડિરેક્ટર તરીકે નિમશે

7. કોઈ પણ ડિરેક્ટરની નિયુક્તિ, કે દૂર કરવા અથવા બોર્ડમાં ફેરફાર કોર્ટમાં પડકારી શકાશે નહિ.

10A(2)(b)
કોઈપણ વ્યક્તિને ડિરેક્ટર તરીકે નિયુક્ત કરી શકાતી નથી જો તેના પાસે —

- બેંકના હિતોથી વિરોધાભાસ (Conflict of Interest) ધરાવતા મોટા વ્યાવસાયિક/વ્યાપારી હિતો હોય;
  અથવા
- બેંકના મોટા લોનધારકો અથવા તેમના સંબંધિત પક્ષો સાથે એવી સંકળામણ હોય
  જે તેના નિર્ણયમાં સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પર અસર કરે.

અર્થ:
જે વ્યક્તિ પાસે મોટા વ્યાપારી હિતો હોય અને જેના કારણે બેંકના હિતને નુકસાન પહોંચાડવાનો જોખમ હોય, તેને ડિરેક્ટર બનાવવામાં ન આવે. ડિરેક્ટર "સ્વતંત્ર" અને નિષ્પક્ષ હોવો જોઈએ.

**2. નિયમ 2 માં વ્યાખ્યા ઉમેરાઈ**

- "**Ineligible Director**" શબ્દની વ્યાખ્યા ઉમેરાઈ.
- જે ડિરેક્ટર **કલમ 10A(2)(a) અને (b)** ની લાયકાતોને પૂર્ણ ન કરે, તે *અયોગ્ય ડિરેક્ટર* ગણાશે.

**3. મુખ્ય ફેરફારો**

**(a) નવા નિયમ 5-A નો ઉમેરો**

**Rule 5-A: અયોગ્ય ડિરેક્ટરોની લોટરી દ્વારા પસંદગી / હટાવવાની પદ્ધતિ**

**(1) બોર્ડ દ્વારા ડિરેક્ટર હટાવવાના નક્કી કરવું**

- બોર્ડ ઓફ ડિરેક્ટર્સ જોશે કે **10A(3)** મુજબ કેટલા અયોગ્ય ડિરેક્ટરોને પદ છોડવું પડશે.

**(2) RBI દ્વારા હટાવવાના ડિરેક્ટર નક્કી કરવું**

- RBI **10A(5)** મુજબ કેટલા અયોગ્ય ડિરેક્ટરને બોર્ડમાંથી દૂર કરવાના છે તે નક્કી કરશે.

**(3) લોટ દ્વારા પસંદગી**

- હટાવવામાં આવનાર અથવા પદ છોડનારા ડિરેક્ટરોના નામ **લોટરી (draw of lots)** દ્વારા નક્કી કરશે.

**(4) લૉટ ખેંચવાની પદ્ધતિ**

- નામોને **કાર્યકાળના ગાળાના આધાર પર ગ્રુપ** કરાશે.
- **બે ગ્રુપ** હોય તો ઓછા સમયના ગ્રુપને બહાર રાખવું.
- **બે કરતાં વધારે ગ્રુપ** હોય તો સૌથી ઓછા સમયના ગ્રુપને બહાર રાખવું.
- જો બહાર રાખવાથી જરૂરી સંખ્યા કરતાં ઓછા નામ બાકી રહે, તો બહાર ન રાખવું.

**(5) બોર્ડ દ્વારા લોટરી**

10A(3) માટેની લોટરી **બોર્ડ meeting માં કરવામાં આવશે**

અયોગ્ય ડિરેક્ટરો દૂર કરવાની પ્રક્રિયા)

**Example 1: 10** ડિરેક્ટરો ધરાવતી બેંક

એક બેંકમાં કુલ 10 ડિરેક્ટર છે. કાયદા મુજબ: ➡ ઓછામાં ઓછા 51%, એટલે કે 5 થી વધુ, યાની 6 ડિરેક્ટર પાસે ખાસ અનુભવ હોવો જરૂરી.

પરિસ્થિતિ:

બેંકમાં માત્ર 4 ડિરેક્ટર પાસે જ જરૂરી અનુભવ છે. એટલે બેંક કાયદાનું પાલન કરતી નથી.

શું થશે?

a) બોર્ડને પોતે જ ફરી રચના કરવી પડશે.
b) 2 ડિરેક્ટર બદલવા જરૂરી બને (6 પુરા કરવા).
c) જો કોણ દૂર કરવો તે નક્કી ન કરી શકાય, તો લોટરીથી (ચિટ ડ્રો કરીને) નક્કી કરવામાં આવશે કે કયા ડિરેક્ટરો પદ છોડે.

**Example 2:** અનુભવ મુજબ જૂથ બનાવી લોટરી **(Rule 5-A)**

ધારો કે 5 અપાત્ર ડિરેક્ટરો છે:

2 ડિરેક્ટર 2 વર્ષથી પદ પર છે

3 ડિરેક્ટર 6 મહિના થી પદ પર છે

RBI ને 2 લોકોને દૂર કરાવવા છે.

પ્રક્રિયા:

a) પહેલા ડિરેક્ટરોને અનુભવના વર્ષ પ્રમાણે જૂથ બનાવશે.
b) સૌથી ઓછો અનુભવ ધરાવતા જૂથ (6 મહિના વાળા) ને પ્રથમ પસંદ કરવામાં આવશે.
c) હવે RBI તેમની વચ્ચે લોટરી કરશે અને 2 લોકોને દૂર કરવા પસંદ કરશે.

**Example 3:** ડિરેક્ટર "અપાત્ર" કેવી રીતે ગણાય?

ડિરેક્ટર – "અભિષેકભાઈ"

મોટી મેન્યુફેક્ચરિંગ કંપનીમાં 40% હિસ્સેદાર છે.

આ કંપની સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રી નથી.

➡ કાયદા મુજબ, આવી વ્યક્તિ ડિરેક્ટર તરીકે પાત્ર નથી, કારણ કે:

✓ મોટા ઉદ્યોગમાં **substantial interest** ધરાવે છે

✖ બેંકના બોર્ડમાં આવી વ્યક્તિ **(51% category**માં)રહી શકે નહીં

**Example 4:** બોર્ડ નિયમોનું પાલન ન કર્યું, તો **RBI** શું કરશે?

બોર્ડે **2** મહિના સુધી પણ પોતાની રચના સુધારી નહીં.

➡ **RBI** નીચે મુજબ કામ કરી શકે:

**a)** **RBI** લોટરી દ્વારા નક્કી કરશે કે કયા ડિરેક્ટરને હટાવવો.
**b)** **RBI** પોતાની તરફથી એક યોગ્ય **(qualified)** વ્યક્તિને બોર્ડમાં નિમશે.
**c)** આ નિયુક્તિ બેંકે સ્વીકારવી ફરજિયાત છે.
આ નિર્ણય કોર્ટમાં પડકારવામાં નહીં આવે.

**Section 10B — Examples** સાથે સમજૂતી

(ચેરમેન / મેનેજિંગ ડિરેક્ટર સંબંધિત નિયમો)

**UCBs** માં સામાન્ય રીતે ફુલ-ટાઈમ ચેરમેન હોતા નથી

**Example 5:** ચેરમેન પાસે યોગ્ય અનુભવ નથી

ચેરમેન "મહેશભાઈ":

બિઝનેસમાં ઉત્તમ અનુભવ છે,

પણ બેંકિંગ, ફાઇનાન્સ, ઇકોનોમિક્સ જેવા ક્ષેત્રોમાં અજાણ છે.

➡ કાયદા મુજબ ચેરમેન/**MD** પાસે
બેંકિંગ/ફાઇનાન્સ/બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો ખાસ અનુભવ હોવો જરૂરી છે.

એટલે
✓ તેઓ ચેરમેન પદ માટે પાત્ર નથી.
➡ **RBI** તેમને દૂર કરવાનો આદેશ આપી શકે.

**Example 6:** ચેરમેનનું અવસાન / રાજીનામું

ચેરમેન અચાનક રાજીનામું આપે છે.

➡ કાયદા મુજબ:

બેંક **RBI** ની મંજૂરીથી અસ્થાયી ચેરમેન રાખી શકે છે

વધુમાં વધુ **4** મહિના સુધી

આ દરમિયાન બેંક નવો ચેરમેન પસંદ કરે છે.

▨ **Example 7: RBI** ને લાગે કે ચેરમેન **Fit & Proper** નથી

**RBI** તપાસ કરે છે અને જાણ થાય છે કે:

ચેરમેન અનેક લોન **irregularity** માં સંકળાયેલા છે

અથવા તેમની નીતિપ્રમાણિકતા પર સવાલ છે

➡ **RBI** શું કરી શકે?

**a)** બેંકને નવો ચેરમેન રાખવાની સૂચના આપી શકે

**b)** બેંક ન માને તો –

✔ **RBI** ચેરમેનને દૂર કરી શકે

✔ નવો ચેરમેન નિયુક્ત કરી શકે

આ નિર્ણય કોર્ટમાં પડકારવામાં નહીં આવે.